R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

December - 2015

Total - 44 Pages

Vol No. 59 Issue No. 9

## WELCOME - 2016

### નવું આવનારૂં ૨૦૧૬નું વર્ષ મારા જીવનમાં યાદગાર બની રહેશે

### નવા વર્ષને હર્ષોલ્લાસ થી વધાવી લો

### નવા વર્ષ માટેના હકારાત્મક સૂચનો

૧) નવા ૨૦૧૬ના વર્ષમાં હું તમામ શારીરિક, માનસિક તકલીફોમાંથી મુક્ત થઈ ગયો છું.

૨) મારામાં રહેલી ખામીઓ અને જીવનમાં આવતી અડચણોને મેં ઓળખી લીધી છે અને સ્વપ્રયત્ને હું તેમાંથી મુક્ત થઈ ગયો છું.

૩) મારા જીવનને પ્રગતિની નવી દિશા પ્રાપ્ત થઈ છે.

૪) અમારું કુટુંબ સર્વમાં શ્રેષ્ઠ છે અને નવા વર્ષમાં અમારું સંગઠન મજબૂત બન્યું છે.

૫) બાલાસિનોરવાસી હોવાનું મને ગર્વ છે અને આપણી સંસ્થાઓના સમાજપયોગી કાર્યોના ઉત્કર્ષ માટે હું હંમેશા તૈયાર રહીશ, તન, મન, ધન થી સાથ સહકાર આપીશ.

૬) આપણા સમાજની વાડી હોય પોતાનો સુંદર હોલ હોય તે આજના સમયની માંગ છે. આ મેળવવાના તમામ પ્રયાસો સમાજના સર્વલોકોના સુંદર સાથ સહકારથી સફળ બન્યા છે.

૭) સમાજનું કલ્યાણ એજ મારો જીવન મંત્ર છે.

**2nd Cover Page**





**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાન્ત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) તથા શ્રી રમણલાલ ચંદુલાલ મોદી પુરસ્કૃત ટેલીફોન ડીરેક્ટરી પ્રકાશનના પ્રસંગે મંચપર બિરાજમાન હોદેદારો, મુખ્ય મહેમાનો તેમના પરિવારજનો તથા હાજર રહેલ પ્રેક્ષકો**



# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૫૯ ૦૯ ૨૧-૧૨-૨૦૧૫

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)

(જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ

તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,

નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

✤✤✤

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# ગર્ભસંવાદ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ગતાંકથી ચાલુ ...

કોઈ વૃક્ષ ને માત્ર પાંદડાં પર પાણી છાંટીને વિકસાવી શકાતું નથી. પાણીનું સિંચન મૂળમાં કરવું પડે છે. તેમ બાળકમાં સંસ્કારનું સિંચન તે ગર્ભમાં હોય ત્યારે કરવું જોઈએ.

શ્રી માતાજીએ આ સૃષ્ટિની અધિષ્ઠાત્રી ભગવતી અદિતિને કેન્દ્રમાં રાખી ગર્ભસ્થ બાળકમાં બાર ગુણ ઉતરે તેવું પ્રતિક તૈયાર કર્યું છે. પ્રતિક પ્રમાણે ગર્ભસ્થ બાળક માટે આ પ્રમાણે પ્રાર્થના કરી શકાય. હે મા ભગવતી, મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, મારા ગર્ભમાં પાંગરતું બાળક મારું નહીં પણ તારું જ છે તેના માં તારા દિવ્ય ગુણો અભીપ્સા, પ્રયત્નશીલતા, કૃતજ્ઞતા, વિનમ્રતા, સત્યનિષ્ઠા, શાંતિ, સમતા, ઉદારતા, શુભભાવ, સાહસ, પ્રગતિ અને ગ્રહણશીલતા ઉતરી આવે તેવી કૃપા કર.

અન્ન એ બ્રહ્મ છે. ગર્ભસ્થ શિશુના દેહને પોષવા અન્ન બ્રહ્મતત્વથી યુક્ત બને તે માટે માતાએ બ્રહ્માર્પણ કરીને ભોજન લેવું જોઈએ. સગર્ભા સ્ત્રીએ મધુર, સ્નિગ્ધ અને દીપનીય એટલે કે ભૂખ ઉઘડે તેવા પ્રવાહી પદાર્થનું સેવન કરવું જોઈએ. આથી જ આ અવસ્થામાં ગંઠોળાની રાબ પીવડાવવામાં આવે છે. ગંઠોળા ભૂખ ઉઘાડે છે. વળી તેની રાબ બનાવતાં તે મધુર અને સ્નિગ્ધ પણ બને છે. આ ઉપરાંત ઘી, દૂધ, માખણ, મધ અને સાકરનું નિત્ય પ્રમાણસર સેવન કરવાનું વિધાન છે અને ફળોમાં ફણસ, કેળા, આંબળાં, દ્રાક્ષ તથા અન્ય ખટમધુર ફળોનું સેવન કરવું પથ્યકર છે. દહીંને સંસ્કૃત કરીને એટલે કે વઘારીને મસાલો, સાકર નાંખીને સેવન કરવું લાભદાયી છે. ધાન્યમાં ઘઉં, મગ, ભાતનું સેવન કરવાનું વિધાન છે.

પ્રશ્ચિમી દેશોમાં સગર્ભા મહિલા ખાસ યોગાસન અને પ્રાણાયામના વર્ગમાં જઈનેઆ અવસ્થામાં ક્યા આસન તેમજ પ્રાણાયમ કરવા તેની તાલીમ મેળવે છે. સગર્ભાવસ્થામાં પ્રાણાયામ કરવા એ પ્રાણવાન અને ઉર્જાવાન સંતાન પ્રાપ્ત કરવાની ઉત્તમ ચાવી છે. પ્રાણ એ વૈશ્વિક જીવન ઉર્જા છે. શ્વાસ દ્વારા આપણે જે જીવન ઉર્જા શરીરની અંદર લાવીએ છીએ અને તે જીવન ઊર્જા શરીર અને મનને સ્વચ્છ કરી બહાર નીકળે છે. ઉચ્છ્વાસ દ્વારા આ જીવનની ઉર્જા બહાર નીકળે ત્યારે તેની સાથે સાથે મન, હૃદય અને દેહમાં રહેલી નકામી લાગણીઓ અને નકારાત્મક કચરો પણ બહાર નીકળી જાય છે. કોઈ અદૃશ્ય શક્તિ શ્વાસે શ્વાસે આપણને શુદ્ધ કરી રહી છે. નવજીવન આપી રહી છે. સગર્ભાવસ્થા દરમ્યાન સમસ્યાઓથી મુક્તિ મેળવવા યોગાચાર્યના માર્ગદર્શન હેઠળ તેમણે બતાવેલા યોગાસનો કરવા જોઈએ.

ઉચ્ચ કોટિના સંતાન પ્રાપ્તિ માટે ગર્ભાવસ્થા દરમ્યાન ગર્ભસંવાદ દ્વારા હકારાત્મક સૂચનો બાળકને આપી શકાય છે. તેના થોડા ઉદાહરણ જોઈએ. બેટા, તું બહું જ ડાહ્યો થઈશ તારા માટે તારા માતાપિતા જ હંમેશાં પ્રથમ રહેશે બેટા, તું એટલો સરસ હોઈશ કે બધાને તને રમાડવાનું મન આપોઆપ થાય. તને બધી વસ્તુઓ ભાવશે જ. તારા માતાપિતા બંને વ્યવસાયિક વ્યક્તિઓ છે તું તોફાની કે રોતલ ન થતો. તારા જન્મ સમયે તું તંદુરસ્ત, નિરોગી અને સારા વજન વાળો હોઈશ. બેટા, તને સંગીત બહુ જ ગમશે. તું જીવનમાં સ્વતંત્ર થઈશ. તારા બધા જ કાર્યો તારી જાતે જ કરીશ. બેટા તું બહું જ સંતોષી જીવ હોઈશ, તને ક્યારેય કોઈપણ વસ્તુ પ્રત્યે અતિ મોહ નહીં હોય વગેરે વગેરે.

જો આવા સુંદર પ્રયત્નો આપણા દેશમાં શરૂ થસે તો ભારતમાતાના ખોળે મહાપુરૂષોના અવતરણની શ્રૃંખલા ફરી થી શરૂ થશે અને ભારતનો સુવર્ણયુગ ફરી થી આવશે.

# મંગળા સમયનું કિર્તન






### શ્રી આચાર્યજીનું પદ

ગાઉં શ્રી વલ્લભ ધ્યાઉં શ્રી વલ્લભ, વલ્લભચરણરજ તન લપટાઉં।।
વલ્લભ સંતતિ નિત્યપ્રતિ નિરખૂં, વલ્લભદાસ ન દાસ કહાઉં ।। ૧।।
કૃષ્ણલીલા સેવા નિત્ય કરકે, જગત સબે તૃણ તુલ્ય ધરાઉં ।।
વ્યાસદાસકી યહી પ્રતિજ્ઞા, શ્રી ગોવિંદકૃપાતે પાઉં ।।૨।।

આ પદમાં શ્રી વલ્લભ, શ્રી વલ્લભકુળ તથા કૃષ્ણએવા પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા રાખવા કહયું છે શ્રી વલ્લભમાં પ્રીતી રાખવાથી ઠાકોરજીની કૃપા અવશ્ય થશે. નિત્ય શ્રી કૃષ્ણ સેવાને પ્રથમ સ્થાન આપવા કહ્યું છે. આ પદ મંગળા સમયે ગાવું.

રાગ ભૈરવ   તાલ - તીનતાલ   માત્રા - ૧૬

**- નીમીષા જી. કડકીઆ**



## અનુભૂતિ...

- રાજેશ કડકીઆ

સદભાવના માનવીને ઉજળો બનાવે છે. કોઈક અજાણી વ્યક્તિ પ્રત્યે ચપટીક સદ્ભાવના દાખવવો એ જેવું તેવું પુણ્યકાર્ય નથી. આપણે સહુ ઈચ્છીએ તો સદ્ભાવનાની ગંગામાં દરરોજ પુનિત સ્નાન કરી શકીએ છીએ.

ધારો કે આપણે કોઈક દુકાનમાં ખરીદી અર્થે ગયા હોઈએ અને ત્યાંનો કાર્યકર્તા આપણને વિવેકપૂર્વક ઉત્સાહપૂર્વક ચીજો બતાવે તો આપોઆપ આપણને તે વ્યક્તિ પ્રત્યે માનની લાગણી ઉદભવશે. આપણે તે દુકાનમાંથી કશી ખરીદી કરીએ કે ના કરીએ પરંતુ આપનાં ફાજલ સમયે આપને થયેલ આવા સુખદ અનુભવની વાત સુંદર પત્ર દ્વારા દુકાનના માલિકને જણાવવાની તસ્દી લઈએ તો એક ઉપવાસની તપસ્યા જેટલું પુણ્ય અવશ્ય મળે જ તે નક્કી.

આપણે સહુ ન કરવા જેવા નકામા ઘણાં કામો કરવામાં આપણાં આયુષ્યની અમૂલ્ય ક્ષણો વેડફતા રહીએ છીએ. જો એ ક્ષણોનો સદુપયોગ કોઈકનાં યોગ્ય વખાણ કરવામાં ખર્ચીએ તો સદ્ભાવનાની એક ખુશ્બુદાર આબોહવા પેદા થઈ શકે છે. આપણે તો બસ ફક્ત એટલું જ નક્કી કીરીએ કે હું દરરોજ કોઈ એક વ્યક્તિની સારી વર્તણુકની કદર કરીશ તો એમ કરવાથી આપણે અવશ્ય વધુ ને વધુ ઉજળા થતાં રહીશું.

આવી યોગ્ય કદર કરવા જેવી વ્યક્તિ આપણને રોજબરોના નીતકાર્ય દરમ્યાન કોઈને કોઈ સ્વરૂપે આપની સમક્ષ પ્રકટ થઈને જ રહેશે. જરૂર છે ફક્ત આપનાં આંતરચક્ષુઓ ઉઘાડી ખૂલ્લા મનથી બનતા બનાવોનું અવલોકન કરવાની.

ધારોકે આપ એક વિદ્યાર્થી છો અને આપને કોઈક અગત્યનાં કામે મુંબઈનાં કોઈક દૂરના પરામાંથી અન્ય સ્થળે ટ્રેન દ્વારા જવાની જરૂરિયાત ઉભી થઈ. આપ પ્લેટફોર્મ પર ટિકિટબારી સમક્ષ કતારમાં ઉભા છો. આપનો વારો આવે છે આપ ટિકિટ માટે પૃચ્છા કરો છો અચાનક ખ્યાલ આવે છે કે આપ આપનું વોલેટ ઘરે ભૂલી ગયા છો. હવે આપની પાસે એટલો સમય જ નથી કે આપ ઘરે જઈ વોલેટ લાવી તેમાંથી ટીકિટ ખરીદવા ફરીવાર કતારમાં ઉભા રહો. આવે સમયે ટિકિટ કારકૂન આપને ટીકીટ આપતાં એટલું કહે કંઈ નહિ આલો ટિકીટ અને સમયસર આપના અગ્યનાં કામ માટે સમયસર પહોંચી જાવ. જોકે આવું બનવું આજના કળયુગમાં એક એકસેપક્ષન જ ગણાય.

આવા કિસ્સામાં આપશું કરશો શું તે ટિકિટબારી પર જઈ તે કલાર્કને ટિકિટના પૈસા ચૂકવી ફક્ત આભારનાં બે શબ્દો જ કહેશો કે તેનાથી એક ડગલું વધી સ્ટેશન માસ્તરને એક આભારવશ પત્ર લખી તે ક્લાર્કની સમય સૂચકતા તથા તમોને સમયસર મદદ બદલ સરસ ભાષામાં એક પત્ર લખવાની સદ્ભાવના દાખવશો.

કોઈ વ્યક્તિ ઈમાનદારીથી કામ કરતી હોય, બહાદુરીપૂર્વક પરાક્રમ કરતો હોય તેની સહેજ કદર કરીએ તો તેને કેવું ઉમદા પ્રોત્સાહન મળે? આપણે અવારનવાર રોજીંદા કામઅર્થે બેન્કમાં કે અન્ય સ્થળે જતાં કોઈએ ત્યારે અગર દરવાન કે પટાવાળો કે અન્ય ચરપાસી સ્મીતપૂર્વક આપનું સ્વાગત કરે, સમયસૂચકતાથી આપનું કાર્ય ચોકસાઈ પૂર્વક પાર પાડે અને ઉપરથી આભાર પણ પ્રકટ કરે ત્યારે આક કેવી લાગણી આપના મનમાં અનુભવસો..!

બાકી આજકાલતો લોકો પાસે આવે કોઈ સમય જ ફાજલ નથી હોતો કે પોતાની વ્યસ્ત જીંદગીમાંથી થોડો સમય ફાળવી આવું મહામૂલ્ય સદ્ભાવનાનું કાર્ય કરી પુણ્યનું ભાતુ બાંધી લે. આપણને સહુને એટલું તો વિદિત છે જ કે આપણે સહુએ એક દિવસ ઈશ્વરનાં દરબારમાં હાજરી પુરાવવાની જ છે કે જ્યારે ચિત્રગુપ્તનાં ચોપડામાંથી હિસાબ કિતાબનો ચોપડો જેમ નફા નુકશાનનું સરવૈયું કાઢશે તેવી જ રીતે આપનાં પાપ-પુણ્યનું જમા ઉધાર જરૂર બોલશે અને તે મુજબ જ ન્યાય તોલાશે ત્યારની મનોસ્થિતિનો વિચાર કરી આજથી જ ગંભીરતાપૂર્વક વિચારી સત્કાર્ય કરતાં રહીએ.

# પુષ્ટી માર્ગ
## શ્રી કૃષ્ણ શરણં મમ:

- તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ (બનડા)

ચાલો વૈષ્ણવો આપણે ગયા અંકમાં બીજાના ને આત્મનિવેદનનું વિવરણ વાંચ્યું મે જાણ્યું પરંતુ બીજભાવ જેને રૂઢ થયો છે તેવા દામોદરદાસ હરસાની તેમજ ૮૪ વૈષ્ણવો કે જેમણે આત્મનિવેદન કર્યું છે તેવા આપણા ૨૫૨ વૈષ્ણવો પણ છે. આ પછી સૌથી પહેલું પગથિયું શ્રવણ ભક્તિ છે. હવે શ્રવણ ભક્તિ કેવી રીતે કરવી જોઈએ. દા.ત. દીનકરદાસ શેઠ કે જેમને કથા સાંભળવાની આસક્તિ એટલી દ્રઢ હતી કે જેમણે પોતે કાચી અંગીઠી લઈને કથા શ્રવણ કરવા ગયા. જયારે મહાપ્રભુજીએ જાણ્યું ત્યારે તેમને પૂછયું આપ કાચી અંગીઠી ખાઈને આવ્યા છો ત્યારે તેમને હા કહી ને મહાપ્રભુજીએ કહયું જ્યાં સુધી આપ આવશો નહિ ત્યાં સુધી હું કથા ચાલુ નહિ કરું. તેમજ ૨૫૨ વૈષ્ણવોમાં પણ આપણને રસપાન તે મહેરાના પ્રસંગ દ્વારા જણાવ્યું છે કે કથા કે વચનામૃત શ્રવણ કરવા હોય તો આ પ્રમાણે કરવા. કોઈ એક વૈષ્ણવે પૂછયું કે આપ આ બન્નેના આવ્યા પછી જ કથા કેમ કરો છો ત્યારે તે વૈષ્ણવોએ જણાવ્યું કે આપ કહો તો પહેલેથી કહું અથવા કાલે જ્યાં કથા પૂરી થઈ છે તે પ્રસંગ આપણને હું જણાવું જેવી આપ ગુરુદેવની આજ્ઞા. શ્રી મહાપ્રભુજીએ આપણને ભક્તિવર્ધીની ગ્રંથમાં જણાવ્યું છે કે સેવામા વા કથાયા વા એ આપ છે સૂચવે છે કે સેવા કરો અથવા કથા સાંભળો પણ જ્યારે શ્રવણ કરો ત્યારે તમારી ઈન્દ્રીયો તેમજ મન તેમાં જોડાય તે પ્રસન્નતા અનુભવે. હાલમાં પણ ગુરુદેવ આપણને કહે છે કે શ્રવણ ક્યારે કર્યું કહેવાય કે જ્યારે ગુરુના વચનામૃત આપ બીજાને સંપૂર્ણ રીતે કહી શકો અથવા સમજાવી શકો. તેનું નામજ શ્રવણ ભક્તિ કહેવાય. વલ્લભાખ્યાન પહેલું એ શ્રવણભક્તિનું પહેલું સોપાન છે. જેના દ્વારા આપણે ઘણુ જાણી શકીએ છીએ. વૈષ્ણવો હવે તો મહાઓચ્છવ આવે છે તેને મહાઓચ્છવ કેમ કહેવાય છે. કારણકે સબ ઉત્સવકો ઉત્સવ આવ્યો કે જેમણે પુષ્ટીમાર્ગનું રક્ષણ કર્યું છે. તેમજ મોગલોના અતિશય ત્રાસમાં પણ શ્રી ગોકુલનાથજીએ માલા તિલકનું રક્ષણ કરીને પુષ્ટીમાર્ગ ચલાવ્યો તે રૂઢ કર્યો ને કરાવ્યો જેવા કે તેમના ૭૮ ભગવદીયો થઈ ગયા છે તેમજ તેમના અનન્ય સેવક મોહનભાઈજી ને બેનજીરાજ કે જેમણે પોતાના સેવ્ય સ્વરૂપને સુખ આપવા માટે પોતાના સર્વસ્વ અર્પણ કર્યું છે. કે જેમણે પોતાના સેવ્ય સ્વરૂપ માટે ૧ વર્ષથી અધાગ શ્રમ કર્યો ને પોતાના સેવ્ય સ્વરૂપ સુખ આપ્યું. ત્યારે શ્રી ગોકુલનાથજીએ કહયું કે તમારે દુ:ખે હમારે દુ:ખ ઔર તુમારે સુખે હમારે સુખ. ત્યારે મોહનભાઈજીને બહેનજી રાજ કરી રહ્યા છે. આપ જ અમારા પ્રાણજીવન છો. આ પ્રમાણે જ્યારે સેવ્યને સેવક સ્વરૂપ અતિ ભાવવિભોર થઈ જાય તે જ પુષ્ટીમાર્ગ છે ને સ્વરૂપ તો જીવને વારંવાર તેની યોગ્યતા પ્રમાણે સેવા અથવા શ્રવણદ્વારા દાન હંમેશા કરે છે. પરંતુ આ જીવ તેને ઓળખી શકતો નથી. તેમજ જાણી શકતો નથી. બસ સર્વે વૈષ્ણવોને મારા જે.જે.શ્રી ગોકુલેશ.


શ્રી ગોકુલનાથજી


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# સેલિબ્રેશન અનલિમિટેડ ચલો બાલાસિનોર - ૨૦૧૫

- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)

**વતન હવે ગયુ હશે સાવ બદલાઈ**
**વિચારી ને હું ડગ માંડવા માંડયો**
**પણ અચરજ એ જોઈને થયું.**
**મારી બાળપણની પગલી છાપ હજી તાજી હતી!!**

આપણો બાલાસિનોર સમાજ ખરેખર નસીબદાર છે. કેટલીય સંસ્થાઓ એમા કાર્યરત છે. સંસ્થાઓ પ્રશંસનીય કામગીરી બજાવી રહી છે. એમાની એક સંસ્થા એટલે નવયુવક સંઘ. વર્ષો પહેલા ચલો બાલાસિનોરનું આયોજન થયું હતું. એ આયોજન દીવાળી દરમ્યાન છેલ્લા થોડા વર્ષો દરમ્યાન નવયુવક સંઘના નેજા હેઠળ ફરીથી ધબકતું થયું છે. આ વર્ષે પણ પ્રમુખશ્રી કલ્પેશભાઈ સૂરેશભાઈ ધારીયા (બલબલ)ની આંગેવાની હેઠળ સંયોજક શ્રી જીગર મણિકાંત કડકીઆ સહ સંયોજક શ્રી અલ્પેશ યોગેન્દ્રભાઈ ધારીયા, ઉપપ્રમુખ શ્રી સૌમિલભાઈ જીતેન્દ્ર મોદી. મંત્રી શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી અને સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ અને કાર્યકર્તાઓનો સાથ લઈને દીવાળી દરમ્યાન ચલો બાલાસિનોરનું આયોજન થયું હતું. એમા સહભાગી થવાનું અને એનો અહેવાલ લખવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું એનો આનંદ અતિવિશેષ છે.

દિવાળી અને બેસતુવર્ષ એ મારે માટે પાસ પાસે આવેલા ભાઈબંધ જેવા છે. ખૂબ બધા ફટાકડા. રોશનીઓ, મીઠાઈઓ, નવા કપડા ને બાળપણમાં વડીલો પાસેથી મળતા એક રૂા. નું આકર્ષણ હજી પણ અકબંધ છે. આ વર્ષે આમ તો દિવાળી દરમ્યાન બાલાસિનોર જવુ શક્ય ન હતું. પરંતુ મિત્ર શ્રી કલ્પેશભાઈ ધારીયા અને જીગરભાઈ કડકીયાના આગ્રહને ટાળી ના શક્યો અને મે દિવાળી પરિવાર સાથે બાલાસિનોરમાં ઉજવવાનું નક્કી કર્યું એમાં વતનની પ્રકૃતિનું અદમ્ય ખેંચાણ અને અતીતની ઝંખના પણ ખરીજ. ઉપરથી આ વર્ષે મારા પર જ્ઞાતિના ત્રણ મિત્રો એ પણ પરિવાર સાથે આ વખતે બાલાસિનોર આવી દિવાળી ઉજવવાનું નક્કી કર્યું. મુંબઈની ધમાલભરી જીંદગીમાંથી વિશ્રામ લેવાનો પરિવાર, મિત્રો તથા આત્મીજનો સાથે સમૃદ્ધ સમય ગાળવાનો મોકો આ વખતે ચલોબાલાસિનોર આયોજનમાં સામેલ થવાથી મળ્યો.

આ વર્ષે બાલાસિનોર ખાતે ૪૦૦ થી ૪૨૫ જેટલા લોકો ચલો બાલાસિનોરમાં જોડાયા. અગાઉના અનુભવને લીધે આ વર્ષે શરૂઆતમાં એક જ મીટીંગ થઈ સહસંયોજક શ્રી અલ્પેશભાઈ ધારીઆએ આ વખતે ટેકનોલોજીનો સાથ લઈ વોટસઅપ ગ્રુપ બનાવ્યું ને એમા બધા કાર્યકર્તાઓને એક કરતા ગયાં અને સૌ કોઈને વોટસઅપ દ્વારા કાર્યક્રમની વિગતો મોકલતા રહી સંઘના કાર્યકર્તાઓએ અગાઉથી બાલાસિનોર ખાતે મુલાકાતો લઈ ખૂબજ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. જમવાની, નાસ્તાની, કૂપનો, ટ્રેનની ટિકીટો વ્યવસ્થિત કવરમાં પેક કરીને અગાઉથી ઉપપ્રમુખ શ્રી સૌમિલભાઈની ઓફિસેથી આપવામા આવી હતી. આ જમવાના પાસ, કવર, બેનર તથા પ્રિટીંગનો સપૂર્ણ ખર્ચ શ્રી ધર્મેશ જયંતિલાલ શાહ અને શ્રી સંજય જયંતિલાલ શાહ તરફથી સ્પોન્સર કરાયો હતો.

તા. ૮-૧૧-૨૦૧૫ના રોજ રાત્રે બરોડા એક્ષપ્રેસ દ્વારા વતન તરફ પ્રયાણ કર્યું ત્યારે એક અજબ ઉત્સાહ વર્તાતો હતો. શિસ્તબદ્ધ આયોજન, સીટોની ફાળવણી બીસલેરી પાણીની બોટલો, કાર્યકર્તાઓ દ્વારા સીટ ઉપર આપવામાં આવેલ. સીટ પર સુતા સુતા હવાની ઠંડી લહેરખીઓ સાથે હું સ્મરણોની શેરીમાં પ્હોચી ગયો. કેદાર મહાદેવ, હનુમાનટેકરી, નિશાળનો ચોક, ભીમ ભમરડો, બેગમનો મહેલ, આપેશ્વર મહાદેવ, મદાની શેરી, ઓરી ચકલા, ધરિયાવાડ,


શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ના જે જે શ્રી ગોકુલેશ

સુંદર્શન તળાવ, કાંતિપાર્કને ગામની સાંકડીશેરીઓ નજર સામેથી પસાર થઈ ગઈને હું ભીતરથી તરબતર થઈ ગયો. વહેલી સવારે સ્મૃતિઓના સળવળાટે ઢંઢોળીને મને જગાડયો નહીંતર વતનની યાદો મને વ્હાવી ને ક્યાં લઈ જાત!

તા. ૯-૧૧-૧૫ ધનતેરસના દિવસે સવારે બરોડા સ્ટેશન ખાતે જીગરભાઈ અને તેમના મિત્રો લકઝરી બસ લઈ સૌને આવકારવા ઉભા હતા. સૌ કોઈએ ચહા, કોફી, બીસ્કીટનો નાસ્તો કરી ફાળવવામાં આવેલ આરામદાયક સીટમાં બેસી બાલાસિનોર તરફ પ્રયાણ કર્યું. બાલાસિનોર તળાવ ખાતે ઉતરી સીધા નાસ્તો કરવા વાડાસિનોર વણિક વાડી ખાતે ગયા. નાસ્તો કરી ઘર તરફ પ્રયાણ કર્યું. જેમ ઘર નજીક આવ્યું એમ લાગ્યું કે વર્ષથી બંધ રહેલા મારા ઘરને પાંખો ફૂટી નીકળી છે. એ હરખાઈને મને આવકાર આપવા સજ્જ થયું છે.

રાત્રે ૯ કલાકે જમ્યા બાદ લાયન્સ કલબ હોલ ખાતે મ્યુઝીકલ હાઉસી (તમ્બોલા) ગેમ શોનું આયોજન થયું હતું. આ આયોજનમાં ૨૦૦ જેટલા નાના-મોટા સૌ કોઈ ઉત્સાહીલોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની રૂપરેખા અને સુંદર સંચાલન મેં પોતે શ્રી દેવાંગ શ. મોદી એ કર્યું હતું. અને મારી પત્ની જીજ્ઞા મોદી, હિમાંશું મહેન્દ્ર મોદી અને તેની પત્ની વૈશાલી હિમાંશુ મોદીએ સાથ આપ્યો હતો. જેમ જેમ રમત રમાતી ગઈ એમ એમ સંગીત, ડાયલોગ, ક્વીઝના તાલે સૌ કોઈ નાના બાળક બની મજા માણતા રહ્યાં. સુંદર રજૂઆત અને ગીતો શાયરી ઓને ખૂબ દાદ મળી. ખૂબ બધા ઈનામો શ્રી બકુલ ચીમનલાલ શાહ (નગરશેઠ) તરફથી આપવામાં આવેલ. આ કાર્યક્રમ દરમ્યાન અમને કાર્યકર્તાઓને ખૂબ સુંદર સાથ મળ્યો. દરેક સ્પર્ધકને નવયુવકસંઘના લોગો વાળી સુંદર ટીકીટ અને પેન આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે કશુક નવુ માણ્યાની ખુશી લોકોના ચહેરા પર જોઈ મને મહેનત સફળ થવાનો આનંદ થયો. સાથે સાથે શ્રી જીગરભાઈ મણિકાન્ત કડકીઆનો ખુબ આભાર માનવો ઘટે કે જે સમાજની પ્રતિભાઓને આ આયોજન દ્વારા પોતાની પ્રતિભા દર્શાવવાનો મંચ પૂરો પાડવા માટે હંમેશા અગ્રેસર રહે છે. જોઈતી તમામ અત્યાધુનિક સહાય બાલાસિનોર ખાતે અપાવી કાર્યક્રમ સફળ કરાવે છે. સાઉન્ડની સુંદર વ્યવસ્થા હસમુખભાઈ (કડકસિંહ) દ્વારા કરાઈ હતી. તા. ૧૦-૧૧-૧૫ના કાળી ચૌદસના દિવસે સવારે નાસ્તો કર્યા બાદ બગીચાની સામે જનસાથી ગ્રાઉન્ડમાં ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું તેમા ત્રણ ટીમ બની હતી કુલ ૫૧ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ મેચનું આયોજન ચિરાગ ચંદ્રકાંત પરીખ એ કર્યું હતું. ૧૫-૧૫ ઓવરની ત્રણ મેચ અને છેલ્લે ફાઈનલ રમાઈ હતી. ત્રણે ટીમના કેપ્ટન ૧) કિંજલ પંકજ પરીખ (૨) જીમીશ દેસાઈ (૩) જીગર મણિકાંત કડકીઆ હતા જેમાં જીમીશ દેસાઈની ટીમ વિનર રહી.

Best Batsman - કિંજલ પરીખ (૨) બેસ્ટ બોલર કેતન રજનીકાંત કડકીઆ રહ્યા હતા. દરેકને ટ્રોફી આપવામાં આવી હતી. આ સમગ્ર આયોજનના સ્પોન્સરર અલ્પેશ યોગેન્દ્રભાઈ ધારીયા હતા. મેચ દરમ્યાન બકુલભાઈ ચીમનલાલ શાહ (નગરશેઠ) પોતાની લાક્ષણિક હાસ્ય શૈલીમાં કોમેન્ટ્રી કરી હતી. સ્પર્ધકો માટે ગ્રાઉન્ડ પર જ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ખૂબ જ સુંદર આયોજન નાના બાળકોને મોટા ઓ સાથે હળી મળી રમતા જોઈ લાગ્યું કે વતનની ધૂળમાં રમાતી રમતનો આનંદ જ કંઈક અલગ છે.

સાંજે હનુમાન ટેકરી પર સૌ ગામ વાસીઓ અને મિત્રો પરિવાર સાથે ફટાકડા ફોડવાનો અનેરો આનંદ માણ્યો. એક પછી એક ફટાકડા ફૂટતા ગયા અને આખુ આકાશ રોશનીથી ઝળહળી ઉઠયું. જાણે અંધકાર પર

રોશનીનો વિજય થયો. રાત્રે જમ્યા બાદ હોળી ચકલા મુકામે અમદાવાદના નંદુભાઈ ભગત ના સથવારે રાસ-ગરબાનું આયોજન થયું હતું. સૌ કોઈ નાના મોટાએ ભાગ લઈ આનંદ માણ્યો. રાસ ગરબામાં ઉપસ્થિત સૌ કોઈને ઈન્દીરાબેન સુરેશભાઈ ધારીયા (બલબલ) તરફથી આઈસ્ક્રીમની લહેજત માણવા મળી હતી. રાસ ગરબાની રમઝટ મોડી રાત સુધી ચાલી. આ કાર્યક્રમ આપણને વતનના હોળી ચકલા યુવક મિત્ર મંડળ તરફથી માણવા મળ્યો હતો. આ સૌ મિત્રોનો ખૂબ ખૂબ આભાર માનવો ઘટે..

હોળી ચકલાથી ધરીયાવાડ સુધી લાઈટીંગ કરાઈ હતી પુરો રસ્તો રોશની થી ઝળહળતો હતો. ગોકુલ નાથજી મંદિર ખાતે રસ્તા ઉપર ચલો બાલાસિનોર ૨૦૧૫-૨૦૧૬ લખેલું મોટું કંડિલ ઝળહળતું હતું.

તા. ૧૧-૧૧-૧૫ દિવાળીના દિવસે સવારે ગોકુલનાથજી મંદિરમાં ગોવર્ધન પૂજાના દર્શન કરી સવારે દસ વાગે લાયન્સ કલબ હોલ ખાતે કપલ કવીઝ ગેમ શો ના આયોજનમાં ભાગ લીધો. આ ક્વીઝ ગેમ શોનું આયોજન બાલાસિનોર નાજ વતની ડૉ. રાકેશભાઈ નગીનદાસ શાહ અને શ્રીમતી ડૉ. ભૃકુટીબેન રાકેશભાઈ શાહ અને સાથીઓ દ્વારા કરવામાં આવેલ હતું. જેમા ૨૫ જેટલા કપલો એ ભાગ લીધો હતો. નોક આઉટ રાઉન્ડ પછી ૧૬ જેટલા કપલો વચ્ચે સ્પર્ધા રમાઈ હતી. બાલાસિનોર અને જનરલ નોલેજના સવાલો, બઝર રાઉન્ડ, કલીપીંગ રાઉન્ડ, ડમસલાડ જેવા ખુબ સુંદર રાઉન્ડ રમાયા. બાલાસિનોર વિશે ઘણી માહિતી જાણવા મળી. ચાર રાઉન્ડ પછી ફાઈનલ રાઉન્ડ રમાયું. ફાઈનલ રાઉન્ડમાં શ્રી મનિષ ચંદ્રકાંત પરીખ અને ઝરણા મનિષ પરીખ વિજેતા રહ્યા. ફાઈનલ રાઉન્ડ માં ત્રણ સ્પર્ધક કપલોને ટ્રોફી આપવામાં આવી અને દરેક સ્પર્ધકોને કોન્સલેશન પ્રાઈઝ આપવામાં આવ્યા. પ્રેક્ષકો માટે પણ વચ્ચે વચ્ચે ક્વીઝ રાખવામાં આવેલ હતી. આ સમગ્ર આયોજનનો સંપૂર્ણ ખર્ચ ઈનામો સાથે ડૉ. રાકેશભાઈ નગીનદાસ શાહ અને સાથીઓ દ્વારા આપવામાં આવેલ હતો તેમને ખુબ ખુબ અભિનંદન. જનરલ નોલેજના સવાલો કલીપીંગ સાથે ઘણી જાણકારી મળી અને મિત્ર હિમાંશુની પત્ની વૈશાલી મોદી અને પુત્રી સૃષ્ટિ મોદીને સેકેન્ડ પ્રાઈઝ લાગ્યું એનો આનંદ પણ વિશેષ હતો. રાત્રે ગોકુલનાથજી મંદિરેથી કીર્તનીયા નીકળ્યા ત્યારે ફટાકડા ફોડવાનો ખૂબ આનંદ માણ્યો અને લાગ્યું કે દીવાળી એટલે અંધકાર પર પ્રકાશનો વિજય છે. રાત્રે મિત્રો સાથે પરિવાર સાથે ફટાકડા ફોડી ખુબ આનંદ માણ્યો. તા. ૧૨-૧૧-૧૫ નૂતન વર્ષાભિનંદન ના દિવસે સવારે ગોકુલનાથજી મંદિરમાં મંગળાના દર્શન કરી સૌ કોઈને ભેટી નૂતન વર્ષાભિનંદન કર્યા. બપોરે જમ્યા બાદ વણિક વાડી ખાતે મહિલાઓ માટે બોક્સ ક્રિકેટ મેચનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમા સમાજની ૨૮ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. ૭-૭ જણાની ચાર ટીમો વચ્ચે ૬-૬ ઓવરની ચાર મેચ રમાઈ હતી તેમના કેપ્ટન (૧) પ્રિતી ઝવેરી, (૨) લોપા શાહ, (૩) માલા કચેરીયા (૪) તૃપ્તિ કડકીઆ. ફાઈનલ મેચ પ્રિતી ઝવેરીની ટીમે જીતી હતી. જેમાં બેસ્ટ બોલર પ્રિતી મનોજ પરીખ, મેન ઓફ ધ સીરીઝ આયુષી અપ્લેશ ધારીયા રહ્યા હતા. દરેકને કેશ પ્રાઈઝ આપવામાં આવેલ હતી. રોજ બરોજ આપણા ઘરમાં જીંદગીના બાઉન્સરો સામે રમતી મહિલાઓને રીયલ ક્રિકેટ મેચ રમતી જોવાનો ઘણો આનંદ થયો. આ વર્ષે પ્રથમ વખત મહિલા ક્રિકેટનું આયોજન કરી નવયુવક સંઘે ચલો બાલાસિનોરનું ગૌરવ ને ગરિમા વધારી. આ મેચનું સંચાલન શ્રી કિંજલ પંકજ પરીખે કર્યું હતું. બપોરે ૩ થી ૫ દરમ્યાન ગોકુલનાથજી મંદિર અને મદન મોહનજી મંદિરમાં અન્નકુટ દર્શનનો લ્હાવો લઈ ઠાકોરજીના આશીર્વાદ લીધા. સાંજે કાંતિપાર્ક ખાતે નાના મોટા સૌ કોઈએ ઉપસ્થિત થઈ કેન્ડલો જલાવી

નવા વર્ષને વધાવી અંતઃકરણ પૂર્વક વડીલોના આશીર્વાદ લીધા, આખા પાર્કને રોશની થી સજાવવામાં આવ્યો હતો.

રાત્રે જમ્યા બાદ સીધ્ધનાથ પાર્ટી હોલ ખાતે ઓકેસ્ટ્રા પાર્ટીનું આયોજન રાખવામાં આવ્યું હતું. શૈલેષ કુમાર એન્ડ પાર્ટી દ્વારા ખુબ સુંદર ગીતોની એક પછી એક રજુઆત થઈ. વચ્ચે પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયાએ પોતાના સુંદર વ્યક્તવ્ય દ્વારા સૌની આભાર વિધી પ્રગટ કરી. ત્યારબાદ સનેડો-સનેડો લોકગીત દ્વારા રાસ ગરબાની શરૂઆત થઈ તે નાના-મોટા સૌ કોઈએ રાસ-ગરબા રમવાન આનંદ માણ્યો. ખુબ મોડે સુધી કાર્યક્રમ ચાલ્યો. આ કાર્યક્રમ દરમ્યાન પણ આઈસ્ક્રીમ ખાવાનો લ્હાવો મળ્યો એના સ્પોન્સર્સ શ્રીમતી નયનાબેન જીતેન્દ્રભાઈ મોદી હતા. નવા વર્ષની આ ઓકેસ્ટ્રાની સોગાત આપણને બાલાસિનોરના વતની મિત્રો (૧) મનુકાકા કડકીઆ, (૨) ટીનુભાઈ ચોક્સી, (૩) કૌશિકભાઈ ચોક્સી, (૪) પ્રિયકાંતભાઈ દેસાઈ, (૫) શશિકાંતભાઈ મોદી, (૬) પંકજભાઈ શાહ (ચા વાળા), (૭) ગોપાલભાઈ શાહ (બેંકવાળા) અને મનિષભાઈ શેઠ (RTO વાળા) તરફથી મળેલ હતી. નવા વર્ષની ખુબ સુંદર મિરાત માટે વતનના મિત્રોને અભિનંદન. ડેકોરેશન માટે ઝાલાભાઈ અને હસમુખભાઈ (કડકસિંહ)નો પણ ખુબ આભાર માનવો પડે. આ સમસ્ત આયોજન દરમ્યાન પાંચે દિવસ નવયુવક સંઘ તરફથી રોજ સવારે સાંજે જમવાની ઉત્તમ વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. રોજ સવારે નાસ્તામાં વિવિધ વેરાયટી બટાકા પૌઆ, બ્રેડ-બટર, જામ, પાપડી જલેબી, સેવ ખમણી, ખીચીયું, ઉપમા, ચહા-કોફી ને બાલાસિનોરના બ્રાન્ડ એમબેસેડર એવા મુન્નાના ફાફડા-ગોટા ને કઢીતો ખરાજ. સોજ સવારે જમવામાં અલગ અલગ વેરાયટી ફરસાણ, મિષ્ઠાન, રોજે નાના મોટા સૌને ગમે એવું મેનુ અગાઉથી વાડીના બોર્ડ પર અને કાર્યકર્તાઓ દ્વારા વોટસઅપ પર મેસેજ દ્વારા મળી જતું ને રાત્રે તો જાણે બાળકોને જલસો પડી જાય એવી વાનગીઓનો રસથાળ ક્યારેક છોલે પુરી, ઢોંસા, પાસ્તા, નૂડલ્સ, પાઉંભાજી સાથે મિષ્ટાન અને ડેઝર્ટ પણ ખરૂજ. રોજ સવારે ભોજન બાદ છાસની વ્યવસ્તા પણ રાખવામાં આવેલ હતી. જેના સ્પોસર્સ (૧) ઉવર્શીબેન જયેન્દ્રભાઈ ગાંધી, (૨) પંકજભાઈ પરીખ કલઈવાલા (૩) હેમેન્દ્રભાઈ શાહ (ચકવા), (૪) દિપકભાઈ શાહ (ખડગોધરાવાળા) (૫) નૂતનબેન પંકજભાઈ ગાંધી હતા. સમગ્ર આયોજન દરમ્યાન નાની-નાની મિનરલ બોટલ દ્વારા પાણીની વ્યવસ્થા રૂપેશભાઈ ધારીયા (બલબલ) દ્વારા કરાઈ હતી. રોજ રોજ સ્વાદિષ્ટ ભોજન પ્રેમપૂર્વક બનાવનાર રસોઈયા મનહરભાઈને અને પ્રેમપૂર્વક આગ્રહ કરી જમાડનાર કાર્યકર્તાઓનો ખુબ ખુબ આભાર માનવો ઘટે.

આ વર્ષે ચલોબાલાસિનોર ૨૦૧૫ના વિવિધ કાર્યક્રમો માટે ઉદારદીલ દાતાઓએ ખુલ્લે હાથે મદદ કરી હતી. આ વિરલ દાતાઓના નામ નીચે મુજબ છે. (૧) શ્રી અક્ષયભાઈ નવનીતભાઈ પરીખ (બખલી) રૂા. ૩૫,૦૦૦/-, (૨) પ્રવિણભાઈ પૂનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)રૂા.૧૫,૦૦૦/- (૩) શ્રી ભરત ગોકુલદાસ કડકીઆ (ફાડીયા) રૂા. ૧૫,૦૦૦/-, (૪) શ્રી અલ્પેશ યોગેન્દ્રભાઈ ધારીયા રૂા. ૧૧,૦૦૦/- (૫) શ્રી બકુલ ચિમનલાલ શાહ (નગરશેઠ) રૂા. ૧૧,૦૦૦/- (૬) શ્રી કેતન રજનીકાંત કડકીઆ (ચોક્સી) રૂા. ૫,૦૦૦/- (૭) શ્રી પ્રશાંત સુરેશભાઈ પરીખ (લટ્ટાપારેખ) રૂા. ૫૦૦૦/- (૮) સવિતાબેન નટવરલાલ દેસાઈના પરિવાર તરફથી રૂા. ૫,૦૦૦/-, (૯) શ્રી જગદીશભાઈ કીર્તનલાલ શાહ (વસંજી અમેરીકાવાળા) રૂા. ૫,૦૦૦/-, (૧૦) સૂર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) રૂા. ૫,૦૦૦/-

આ સમગ્ર આયોજન દરમ્યાન સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશભાઈ ધારીયા (બલબલ), કે જેમણે ખુબજ સંયમ પૂર્વક કાર્યકર્તાઓનો સાથ લઈ પ્રત્યેક કાર્યક્રમમા પ્રત્યક્ષ હાજરી આપી. નાનામાં નાની બાબતનું ધ્યાન રાખી આયોજન સફળ બનાવ્યું. સંયોજક શ્રી જીગરભાઈ માટે તો શું લખવું જીગરભાઈ રહે છે તો મુંબઈમાં જ પણ હૃદયથી (જીગરથી) મુંબઈના થયા હોય એવુ લાગે જ નહી. બાલાસિનોરનું હિત સદાય તેમના જીગરમાં રમતું દેખાય છે. સમગ્ર આયોજનનો ભાર પોતાના ખભાઉપર લઈ બાલાસિનોરના વતનીઓ અને મુંબઈવાસીઓ વચ્ચે સેતુ બની સૌ કોઈને દિવાળી દરમ્યાન ઓછામાં ઓછા ખર્ચે ખૂબજ મજા કરાવી. દિવાળીની મજા માણી પરત ફરતા હમવતનમિત્રોના ચહેરાપરનો આનંદ એજ એમને મન ખરી દિવાળી હતી. તેમને સંઘના સહ સયોંજક અલ્પેશ યોગેન્દ્રભાઈ ધારીયા અને ઉપપ્રમુખ સૌમલભાઈ જીતેન્દ્ર મોદીનો ખુબ સાથ સહકાર મળ્યો હતો અને છેલ્લે તા. ૧૩-૧૧-૧૫ના રોજ જવાના દિવસે સાંજે ૬ કલાકે તળાવ આગળથી બરોડા તરફ પ્રયાણ કર્યું ત્યારે દિલ વતન છોડવા તૈયાર જ ન હતું. પત્નીએ બાળકોએ સાથે આવેલા મિત્રોએ ખૂબ શોપિંગ કર્યું હતું. ખૂબ ફટાકડા ફોડયા. ગોટી-સોડા બરફગોલા, આઈસ્ક્રીમની લહેજત માણી હતી. રોજ રાત્રે મિત્રો સાથે મોડે સુધી જાગી જુની વાતો તાજી કરી હળવી પળો માણી. ક્યાય મતભેદ નહી બધેજ હર્ષોલ્લાસ, આનંદનું વાતાવરણ બધે જ બસ મજા જ મજા. સેલિબ્રેશન અનલિમિટેડ હવે મુંબઈ જઈ ક્યારે માણવા મળશે.

ખરેખર મુંબઈ મા વસતા બાલાસિનોરના વતનીઓ અને યુવાનોનો વતન સાથે નાતો અકબંધ રાખવા માટે ચલોબાલાસિનોર ખુબ ખુબ અભિનંદનને પાત્ર છે. તો આપ સૌ આવતી દિવાળી માટે બાલાસિનોર આવવા માટે તૈયાર છો ને !!

**આપ સૌને નવાવર્ષના નૂતનવર્ષાભિનંદન!!**
**બારે મહિનાના જય જય શ્રી ગોકુલેશ!!**

*****


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# સાબુની સોગાદ

**- નયન કડકીઆ**

નીચે લખેલ એક નાની વાર્તામાં અમુક જગ્યાએ ખાલી જગ્યા બતાવેલી છે તેમાં વાર્તાને અનુરૂપ માત્ર 'સાબુ'ની બ્રાન્ડના નામ આવવાં જોઈએ. સાબુનું અંગ્રેજી નામ પણ ચાલી શકે. કદાચ જરૂર પડે તો એક જ બ્રાન્ડના નામનો ફરીથી ઉપયોગ કરી શકશો. કુલ ૨૩ ખાલી જગ્યાએ છે સાબુની બ્રાન્ડ સિવાય કોઈ પણ શબ્દો નહી ચાલે. જુની સાબુની બ્રાન્ડના નામ પણ ચાલશે તો શરૂ કરીયે છીએ.

કુમાર ............ ઘેરથી નીકળી તેની ગર્લ ફ્રેન્ડ ............ ને નક્કી કરેલ સમય મુજબ ગાર્ડનમાં મળ્યો. ઘણા દિવસે મળ્યા એટલે બંનેના ચહેરા પર ............ આવી ગઈ બંને ગાર્ડનમાં ............ ના ઝાડ નીચે બેઠા. કુમારે કુમારીના માથામાં ............ ના ફૂલની વેણી નાંખી, બંનેએ અસર પરસ પ્રેમની ખુબ ખુબ વાતો કરી. ત્યાંથી નીકળી સમુદ્ર કિનારે જવાની ઈચ્છા થઈ એટલે જૂહ પર ગયા, પરંતુ આજે પૂનમ હોવાથી સમુદ્રમાં ............ નું પાણી વધવા લાગ્યું. એટલે થોડીવાર ત્યાં બેસી ઘરે જવા નીકળ્યા. અને બેસ્ટની બસનં ............ માં બેઠા. રસ્તામાં બસમાં પંકચર પડવાથી ડ્રાઈવરે ............ બદલી બસ ચાલુ કરી, પોતાનું સ્ટોપ આવતા બન્ને ઉતરી પોત પોતાને ઘેર ગયા. બંને મુંબઈની ............ સ્ટ્રીટમાં રહે છે. એક જ મકાનમાં રહેતા હોવાથી બંન્નેે વચ્ચેના પ્રેમની વડીલોને ખબર હતી અને બંન્નેની જોડી સુંદર હોવાથી તેઓએ તેમના લગ્ન સારી રીતે કરી આપ્યા. બંન્ને ............ આવસ્થામાં હોવાથી જાણે એક બીજા માટે સર્જાયેલા હોય એમ લાગ્યું હતું.

લગ્નમાં કુમારે તેની પત્નીને લગ્ન ભેટ કરીકે ............ ની માળા ભેટ આપી અને હનીમૂન માટે મસૂરી જવાનું નક્કી કર્યું અને ત્યાં જતા રસ્તામાં હરિદ્વાર આવતાં ઉતરી ગયા અને એક સારી સુંદર હોટલમાં ડી ............ રૂમમાં મુકામ કર્યો. તેની સખી ............ એ તેને એક ............ નું પેકેટ ભેટ આપ્યું હતું. તેમાંથી એક ગોટી કાઢી. મુસાફરીનો થાક પણ લાગ્યો હોવાથી બંને એ બાદશાહી ............ ખાનામાં જઈ સ્નાન કર્યું અને ફ્રેશ થયા અને હોટલ તરફથી ............ ની એક નાનકડી સેફ મળેલી તેમાં બધું જોખમ મૂક્યું. અને આરામથી રાત્રી નિદ્રા લઈ સવારે ઉઠયા. હવે હરિદ્વાર આવ્યા એટલે ............ માં સ્નાન તો કરવું જ જોઈએ. માટે બને રૂમ બંધ કરી સ્નાન કરવા ઘાટ પર ગયા. સ્નાન કરી ગરમ દૂધ, જલેબી, ગાંઠિયાનો નાસ્તો કરી અને હોટલ પર પહોંચ્યા. ખિસ્સામાં ફંફોળતા ખબર પડી કે રૂમની ............ ખોવાઈ ગઈ લાગે છે. પરંતુ આમ તેમ શોધતા તેની પર્સમાંથી જ મળી ગઈ. હોટલમાં જમ્યા બાદ શોપિંગ કરવા જવાની ઈચ્છા થઈ. જો કે ટાઈમ બહું ઓછો હતો પણ કાંઈક ખરીદવું એવી ઈચ્છાથી બજારમાં ગયા પણ તમે જાણો છો ને હરિદ્વારની સાંકડી ગલ્લીમાં

અને રિક્ષાના ટ્રાફિકમાં સાહેબનો પણ પગ લપસી જવાથી તેના કરડાં તથા હાથપગ કાદવથી ખરડાઈ ગયા. એટલે રિક્ષામાં હોટેલ પર પોંહચી ............ સાબુથી બરોબર સાફ કર્યો. સામે જ ટાવરની ............ માં જોયું તો ટ્રેન ઉપડવાને માત્ર એક કલાક જ બાકી હતો. જો કે સ્ટેશનને પહોંચ્યા અને ટ્રેનમાં બેઠા પછી હાશ એમ થયું. ટ્રેનમાં દહેરાદુન થઈને ત્યાંથી બસમાં વાંકાચૂકા પહાડી રસ્તાઓમાં મુસાફરી કરતાં મસુરી પહોંચ્યા. અને અગાઉથી બુક કરાવેલ હોટેલ પદમીનીમાં રહ્યા. હવે થાક ને લઈ આરામ કરવાનો જ વિચાર કરી T.V. ચાલુ કરવા પ્રયત્નો કર્યો પરંતુ કાંઈક ટેકનિકલ ખામી હોવાથી મિકેનીકને બોલાવ્યો. તેણે ............ ચાલુ કરી T.V. ............ કરી આપ્યું. આમ તેમ ચેનલો ફરાવતાં કોઈ પ્રોગ્રામ જોવા જેવો લાગ્યો નહી. અચાનક એક ચેનલ ચાલુ કરતા પંડિત શિવકુમારનો ............ વાહનનો પ્રોગ્રામ ચાલતો હતો તે પલંગમાં સૂતા સૂતા જોયો અને આખા દિવસનો થાક પણ લાગ્યો હોવાથી આવતી કાલેમસૂરી ફરવાના સ્વપ્નો જોતા નિદ્રાધીન થયા.

**નોંધઃ** કુલ ૨૩ ખાલી જગ્યાઓ છે તેમાં સાબુના જ નામ વાર્તાને અનુરૂપ ભરવાના છે. તો ચાલો કરો શુભ શરૂઆત.

**જવાબ :**

૧) જય, (૨) ચંદ્રિકા, (૩) ચમક, (૪) નીમ, (૫) ચમેલી, (૬) ટાઈડ, (૭) ૫૦૧, (૮) વ્હીલ, (૯) હમામ (૧૦) યુવા, (૧૧) મોતી, (૧૨) લક્સ, (૧૩) નીમા, (૧૪) માયસોર સેન્ડલ સોપ, (૧૫) હમામ, (૧૬) ગોદરેજ નં.૧, (૧૭) ગંગા, (૧૮) કી, (૧૯) ડેટોલ, (૨૦) ઘડી, (૨૧) એરિયલ, (૨૨) ઓ.કે., (૨૩) સાંરર

- નયન કડકીઆ ધનઘેલા- ૯૯૨૦૯૯૦૨૨૮

## આતિથ્ય

- મીની નલીન ધારીઆ

# યે દિલ માંગે મોર !

## રેડ વેલવેટ કેક

**સામગ્રીઃ** ૨ કપ મેંદો, ૧ ટી સ્પુન બેકિંગ પાઉડર, ૧ ટી સ્પુન બેકીંગ (ખાવાના) સોડા, ૫૦ એમ.એલ. કોકો પાવડર, ૧ ટી સ્પુન મીઠું, ૧ ટી સ્પુન ઈન્સટન્ટ કોફી, અડધી ચમચી લાલ રંગ પાવડર અથવા લીકવીડ. એક ચમચી કલર. પોણો કપ બ્રાઉન સુગર, પોણો કપ તેલ, ૧ કપ બટર મિલ્ક, ૨ ચમચી બ્લેક વિનેગર, ૩ ચમચી સફેદ વિનેગર, અડધો કપ ગરમ પાણી, ૨ ચમચી વેનીલા એસેન્સ.

**બનાવવાની રીતઃ** મેંદો, બેકીંગ પાઉડર, બેકીંગ સોડા કોકોપાવડર, મીઠું કોફી, નાખી બધી ચાળી લેવું પછી તેમા




ખાંડ, તેલ, ને મિક્સ કરવું અને એમાં વિનેગાર નાખવું. હવે તેમા ખાવાનો કલર અને એસેન્સ નાખવું. અને બટર મિલ્ક નાખવું. ઓવન ને ૧૮૦ સે. ૩૫૦ એફ ગરમ કરવું. ગોલાકાર વાસણમાં ઘી અથવા ઓઈલ લગાડી ગ્રીસ કરવું. અડધો કપ ગરમ પાણી અને ૧ ચમચી ઈન્સન્ટ કોફી પાવડર ને બ્લેન્ડ કરવું. ભીનું અને સુકો પાવડર બધું મિક્સ કરવું. બધુ બરાબર મિક્સ કરો જેનાથી કોકો પાવડર બરાબર મિક્સ થઈ જાય. હવે ગ્રીસ કરેલા વાસણમાં મિક્સ કરેલું મિક્ચર ભરવું, ૨૦ - ૩૦ મિનીટ માટે બેક કરવું. ચપ્પુથી ચેક કરવું ચપ્પુને ચોટે નહીં તો કેક તૈયાર થઈ ગઈ છે પછી ઓવનમાંથી બહાર કાઢી તેને ઠંડુ થવા દેવું. હવે તેના ત્રણ ભાગ કરી અને ક્રીમ થી લેયર કરવા. અને મનગમતા Topping કરી શકો છો.

**ક્રીમ બનાવવાની રીતઃ**

૫૦૦ ગ્રામ આઈસીંગ સુગર, અથવા સુગર પાવડર, ૧૨૫ ગ્રામ બટર, ૨૪૦ ગ્રામ ફ્રેશ ક્રીમ

૧ ચમચી વેનીલા એસન્સ, અડધો કપ આખાપાકા પીનટસ, ટેસ્ટી સુંદર અને આંખોને ગમે તેવી વેલવેટ કેક તૈયાર.

# ચોકલેટ કેક

**સામગ્રી :** ૨૫૦ ગ્રામ મેંદો, ઘી કે માખણ ૧૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૧૦૦ ગ્રામ, કન્ડેન્સ્ડ્‌મિલ્ક અડધુટીન (૨૦૦ ગ્રામ), કોકો પાઉડર પા કપ, દૂધ (૨૦૦ગ્રામ) પા કપ, બેકિંગ પાવડર ૧ નાની ચમચી, બેકિંગ સોડા પા ચમચી, વેનીલા એસેન્સ ૨ ટીપા, મીઠું ચપટી, ૧ ચમચી રવો.

**બનાવવાની રીતઃ** મેંદો, રવો, કોકોપાવડર બેકીંગ પાવડર અને સોડા ચપટી મીઠું બધું ભેગું કરી પાંચ થી છ વાર ચાળી લેવું. ત્યારબાદ એક વાસણમાં બધુ મિક્સ કરવું હવે કન્ડેન્સ્ડ્‌મિલ્ક, સાકર અને દૂધ નાખી બધુ મિક્સ કરવું. (જો કન્ડેન્સ્ડ્‌મિલ્ક ના નાખવું હોય તો બટર, દહીં, દૂધ, સાકર ફીણીને લોટમાં મિક્સ કરી શકાય છે)

હવે એક વાસણને બધી બાજુ માખણ લગાડી મેંદો છાટી પછી એમાં કેકનું ખીરુ નાખવું. અને ૧૮૦˚C' પર બેક કરવા મૂકવું. ચપ્પુ નાખી ચેક કરવું. ચપ્પુ ચોખ્ખુ બહાર આવે તો સમજવું કે કેક તૈયાર થઈ ગઈ છે. હવે અડધો કલાક કેકને ઠંડી થવા દેવી. ત્યાર પછી એને ડીસમાં બહાર કાઢી એના પર આઈસીંગ અને ક્રીમ કરવું. એના પર ચોકલેટ ચીપ્સ નાખી સજાવવું. આઈસીંગ બનાવવાની રીત : બટર આઈસીંગ સુગર, વેનીલા એસેન્સ, દળેલી ખાંડ, ને ભેગુ કરી ફીણવું. થોડું દૂધ નાખી બરાબર લીસુ ક્રીમ બનાવવું.




## ગાંઠ

**-સરલાબેન દેસાઈ**

જીવનની બાજીમાં સો સો ગાંઠ
પ્રેમથી ઉકેલીએ
જીવનની ગાંઠ
પચ્ચીસ ગાંઠ તો પ્રેમથી ઉકેલીએ
પચ્ચાસ ગાઠમાં
ગાડી ધીમી ચાલે
સાઠની ગાદીમાં
વમળની યાદી
આપ્યુ લીધુ છે
તેની દોડા દોડી
નયનોમાં તો મોતીયા યાદી
પાયલમાં તો ઝણઝણાટી
૮૦ની ગાડી તો
થંભી જાશે
ઈશને સહારે બેસી જાશે

## વાટડી

હું તો રોજ રોજ જોઉ તારી વાટડી
કાનજી આવો તમે
મારા હૈયા ટાઢા થાય રે... કાનજી આવો તમે
મારી નિંદર વેરણ થાય રે ..... કાનજી આવો તમે
મારી પાપણના પલકારે ..... કાનજી આવો તમે
મારા પાયલના ઝમકારે ..... કાનજી આવો તમે
રાસ રમવાને વ્હેલા આવો ..... કાનજી આવો તમે
માખણ મીશ્રીના લાડીલા
કાનજી આવો તમે
મારી નાવડી પાર ઉતારોને
કાનજી આવો તમે.

# મોહે રંગ દે



## ઈશારા

### ઝાઝા હાથ રળિયામણા

જિંદગીમાં અમુક કાર્યોમાં સાથની જરૂર પડે છે. વ્યક્તિત્વના વિકાસ માટે વ્યક્તિને જૂથમાં કાર્ય કરતા આવડવું જોઈએ. એક સફળ વ્યવસાયી વ્યક્તિ બનવું હોય તો તમારે તમારું જૂથ (Team) તૈયાર કરવું પડે. એક નાના વેપારમાં પણ ટીમ જોઈએ. જૂથ ત્યારે જ સફળ બને છે જ્યારે તે જૂથ સંપથી કાર્ય કરે. તેમજ જૂથના સભ્યો એકબીજાને એડ્જસ્ટ થતા શીખે અને એકબીજાને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન ના કરે. એજ પ્રમાણે કુટુંબ પણ એક જૂથ છે કુટુંબના દરેક સભ્યે પોતાની ફરજ સમજી કાર્ય કરવું પડે. હું અને મારો સ્વાર્થ એ વિચારને તિલાંજલિ આપવી પડે.

પિકનિક જવા જેવી સામાન્ય બાબતમાં પણ જો બધા સંપીને પિકનિકનો આનંદ માણશે તો બધા જ પિકનિકનો ફાયદો મેળવશે અને જો અંગત સ્વાર્થ માટે જૂથમાં ભાગલા પડી જશે તો પિકનિક એક દુઃખદ પ્રસંગ સાબિત થશે.

સફળ ઉદ્યોગપતિ થવું હોય, વેપારી થવું હોય, વ્યવસાયી બનવું હોય, સુખી કુટુંબની આશા રાખતા હો અને જીવનમાં ઉન્નતિ ઈચ્છતા હો તો ટીમમાં કામ કરતાં શીખો અને ટીમ માટે ગૌરવ અનુભવો.

**ઝાઝા હાથથી સંપીને કરેલું કાર્ય સફળતાને ખેંચી લાવે છે.**

# વતનની યાદ

**– બકુલ સી. શાહ, બકુલ એમ. શાહ, અવિનાશ સી. શાહ, હર્ષદભાઈ ભટ્ટ, મયુરભાઈ પટેલ, કેતન આર. કડકીઆ**

વતનની યાદ અપાવતો બાલાસિનોરી જલસો એટલે ચાલો બાલાસિનોર ૨૦૧૫ અને આ ચાલો બાલાસિનોર સાથે સંકળાયેલા એક બહુ જ મોટા જીગરના દિગ્ગજ વ્યક્તિત્વનો પરિચય આપુ એટલે જીગર મણિકાન્તભાઈ કડકીઆ કે જેને માટે આદર, સ્નેહ, લાગણી, મિત્રતા જેવા બધા જ શબ્દો ખર્ચી નાખું એટલું ઓછું પડે.

બાલાસિનોરમાં જન્મેલા ને બાલાસિનોરમાં ઉછરેલા જીગર માટે કહું તો જીગર હૃદયથી મુંબઈનો થયો જ નથી. વતનથી દૂર રહીને પણ જેને સતત વતનની યાદ સતાવે છે પોતાના વ્યસ્ત સમયમાંથી સમય કાઢી દિવાળી દરમ્યાન ચાલો બાલાસિનોર જેવું આયોજન સાથે સંકળાઈને ઓછામાં ઓછા ખર્ચે નાના મા નાના માણસને પણ પોસાય એટલા રૂા. મા સફળ આયોજન કેમ કરાય એનો દાખલો બેસાડયો છે.

આયોજન દરમ્યાન રોજ નવી નવી વાનગીઓ જમાડવી, રમત ગમત યોજવી રોજ વિવિધ કાર્યક્રમો કરવા નાનાથી મોટા દરેકને મનોરંજન થાય એવા પ્રોગ્રામો આપવા. સમાજના યુવાનોની પ્રતિભા બહાર લાવવા એમને એન્કરેજ કરવા ખૂબજ સંયમથી નાના મા નાની બાબતનું ધ્યાન રાખવું સમાજના દરેક વ્યક્તિને દિવાળી દરમ્યાન તકલીફ ન પડે એનું ધ્યાન રાખી આયોજન સફળ બનાવવું ને જ્યારે ચાલો બાલાસિનોરમાં મુંબઈ થી આવી દિવાળી દરમ્યાન ખુબ મજા કરી મુંબઈ પરત ફરતા લોકોના ચહેરા પરનો આનંદ એજ જીગર માટે ખરી દિવાળી અને છેલ્લે જીગર માટે લખું તો થોડી ખુશ્બુ થોડો અજવાસ લાવ્યો છું. હું હમ વતનીઓ માટે બાલાસિનોરી જલસો લાવ્યો છું.

ખરેખર જીગર જેવા હમવતન વતન પરસ્ત મિત્રને સલામ છે.

## પ્રભુ

પ્રભુ ! જ્યારે તને ક્યા એ ન ભાળ્યા
જાણે ખીલતું ગુલાબ મારા દિલના દ્વાર
જાણે સોનેરી કિરણ મારા દિલની ઉમંગ
જાણે ચૌદવીનો ચાંદ જાણે ખીલતું યૌવન
જાણે મંદિરમાં પ્રજ્જવલિત દીવડો
જાણે સુરજનું તે જ જાણે સાગરનો વેગ
જાણે વીણાના ઝરઝરતા તાર મધુર મુસ્કાન
જાણે થનગનતા મોર સાચા પ્રેમનો સંચાર
જાણે ખુશ્બુ મહેકી લાવી શીતળ લ્હેર
તુ દશ્ય છતાં અદશ્ય જાણે મુકત હી મુક્ત

**– ઈન્દુ રોહિત દેસાઈ**

## સમુહ ભોજન બોરિવલી

બોરિવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનો સમુહ ભોજન રાખ્યો છે.


**તારીખ :** ૧૦-૧-૧૬, **વાર :** રવિવાર
**સમય** : બપોરે ૧૨ કલાકે,
**સ્થળ** : ગુરુદ્વારા, સાઈબાબા નગર, બોરિવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨

**આપ સૌને જમવા પધારવા માટે આમંત્રણ છે.**

**હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬**

## ચોકલેટ્સ

### 'મા'' થી શરૂ થતી વિગત ઉકેલો :-




૧) ............. મહેમાનો નું અત્રે અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ.
૨) મહેંદી તો આની જ વખણાય.
૩) મમ્મીના ભાઈ-ભાભી
૪) ચોમાસામાં ............. ઘાટ ના ઉંચેથી ખાબકતાં ઝરણાં માં ન્હાવાની મઝા જ ન્યારી છે.
૫) શેર ને માથે સવાશેર માણસ.
૬) સંસ્થાની સેવાઓને ............. નજરે બિરદાવવી જોઈએ.
૭) ............. મત કરો, ગાંધીજી કો યાદ કરો.
૮) ............. ના દીવા.

જવાબ: (૧) માનવંતા (૨) મારવાડ (૩) મામા-મામી (૪) માલસેજ (૫) માથાભારે (૬) માનભરી (૭) મારામારી (૮) માણસાઈ

## - હીંડોળા ખાટ -'ક્રિસમસ'

૧) નાતાલ એ ખ્રિસ્તીધર્મનો તહેવાર છે. જેના સ્થાપક ............. છે.
૨) ઈસુ ના પિતા એટલે જોસેફ અને માતા એટલે .............
૩) જોસેફ અને મેરી ને નગર ............. માં કોઈ ઘરે ઉતારો ન મળતા ભગવાન ઈસુ નો જન્મ એક ગભાણ માં થાય છે.
૪) ઈસુ જયંતીના ઉત્સવનો આરંભ ડિસેમ્બરની ............. મી તારીખે થાય છે.
૫) આ તહેવાર માં કેથલિકો એક બીજાને ભેટી, હસ્તધૂનન કરી ............. કહે છે.
૬) ............. ને શણગારી તેની ડાળીઓ પર ભેટ-સોગાદો લટકાવવા માં આવે છે.
૭) નાતાલના સફેદ દાઢી-મૂછ, લાલ ટોપી, લાલ પહેરવેશ વાળા દાદા એટલે .............

જવાબ : (૧) ઈસુખ્રિસ્ત (૨) મરિયમ (મેરી) (૩) બેથલેહેમ (૪) ૨૫ (૫) મેરી ક્રિસમસ (૬) ક્રિસમસ ટ્રી (૭) શાંતાક્લોશ.

## ના કહેવાય ના સહેવાય

### મોંમાં અને ગળામાં ચાંદા માટે

૧) નાની હરડે પીસી ઝીણી મેંદા જેવી કરી ચાંદા પર દિવસમાં બે-ત્રણ વાર ભભરાવવી. આ પ્રયોગ બે-ત્રણ દિવસ સુધી કરવો.
૨) રાત્રે સૂતી વખતે નાની હરડે મોંમાં રાખી ચૂસવી.
૩) નાના બાળકને ચાંદા થાય ત્યારે હરડેના ભારોભાર ખડી સાકરનો ભૂકો કરી બંને ભેગા કરી મોંમાં ચાંદા પર ભભરાવવા.
૪) નાના બાળકને ચાંદા થાય ત્યારે ૮ગ્રામ ખડી સાકરનો ભૂકો અને એક ગ્રામ કપૂરનો ભૂકો કરી બંન્ને મેળવી મોંમાં ભભરાવવું.

**ઉપર્યુક્ત પ્રયોગ આયુર્વેદિક વૈદ્ય ડોકટરની સલાહ મુજબ કરવા.**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત
# શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી
# ''જનસાથી'' ટુર્નામેન્ટ વર્ષ-૨૦૧૫-૧૬

ઉપરોક્ત ટુર્નામેન્ટની પાઈનલ મેચ ક્રીકેટલવર્સ કેપ્ટન (રીપલ પરીખ) અને આર.સી.ચેલેન્જર્સ કેપ્ટન (અપૂર્વ ધારીઆ) વચ્ચે રમાઈ હતી. આર.સી.ચેલેન્જર્સ ટોસ જીતીને ફીલ્ડીંગ લીધી હતી

**: મેચનું પરિણામ:**

ક્રીકેટલર્વસ ૧૬૯ રન ( ૯ વિકેટ)

(પૂરવ પરીખ - ૪૨ રન, દક્ષીત ગાંધી - ૨૧ રન, અપૂર્વ ધારીઆ - ૩ વિકેટ, રીકીન મોદી - ૩ વિકેટ)

આર.સી.ચેલેન્જસ ૧૭૧ રન (૬ વિકેટ) ૩૪ ઓવરમાં

(કુનાલ પરીખ - ૪૦ રન, નોટ આઉટ, તેજસ શાહ - ૩૮ રન નોટ આઉટ, અશ્વીન કરકરે - ૨૨ રન)

આર.સી.ચેલેન્જશ ૪ વિકેટ થી મેચ જીતી લીધી હતી.

સંઘ વતી આર.સી. ચેલેન્જસ ટીમ અને તેમના કેપ્ટન શ્રી અપૂર્વ ધારીઆને અભિનંદન.

**પ્રથમ મેચ:** પલાસ ઈલેવન વિરુદ્ધ ડી.સી.સી. ટસકર્સ - મેન ઓફ ધ મેચ - શ્રી સુકેતુ પરીખ

**બીજી મેચ:** ક્રીકેટલર્વસ વિરુદ્ધ આર.સી.ચેલેન્જર્સ - મેન ઓફ ધ મેચ - શ્રી રોહન ધારીઆ.

**ત્રીજી મેચ:** ક્રીકેટલર્વસ વિરુદ્ધ પલાસ ઈલેવન મેન ઓફ ધ મેચ : શ્રી રોહન ધારીઆ

**ચોથી મેચ:** ડી.સી.સી. ટસકર્સ વિરુદ્ધ આર.સી.ચેલેન્જસ મેન ઓફ ધ મેચ : શ્રી કનીષ્ક પરીખ

**પાંચમી મેચ:** ક્રીકેટલર્વસ વિરુદ્ધ ડી.સી.સી. ટસકર્સ મેન ઓફ ધ મેચ - શ્રી રોહન ધારીઆ.

**છઠ્ઠી મેચ:** પલાસ ઈલેવન વિદુદ્ધ આર.સી.ચેલેન્જર્સ મેન ઓફ ધ મેચ : શ્રી રીકીન મોદી

**ફાઈનલ મેચ:** ક્રીકેટ લર્વસ વિરુદ્ધ આર.સી.ચેલેન્જર્સ મેનેઓફ ધ મેચ - શ્રી કુણાલ પરીખ

**બેસ્ટ બેટસમેન ઓફ સીરીઝ :** શ્રી કનીષ્ક પરીખ

**બેસ્ટ બોલર ઓફ સીરીઝ :** શ્રી અપૂર્વ ધારીઆ

**મેન ઓફ સીરીઝ :** શ્રી રોહન ધારીઆ

**બેસ્ટ ડેબ્યુ પ્લેયર :** શ્રી કનીષ્ક પરીખ

| **ટીમ સ્પોન્સર્સ** | **ટીમનું નામ** |
|---|---|
| શ્રી ભાવીન મહેતા | આર.સી.ચેલેન્જર્સ |
| શ્રી ભાવીક જયેશ ધારીઆ | પલાસ ઈલેવન |
| શ્રી યોગેશ ધારીઆ<br>શ્રી વિનીત મોદી<br>શ્રી બીપીન ગાંધી | ક્રિકેટ લવર્સ |
| ડી.સી.સી. | ડી.સી.સી. ટસકર્સ |

ઉપરોક્ત બધાજ સ્પોન્સર્સનો સંઘ આભાર માને છે. વિનીંગ ટીમને રૂા. ૧૭,૦૦૦/- નું ઈનામ શ્રી સમીર આર. દેસાઈ તરફથી આપવામાં આવ્યું છે., સંઘ શ્રી સમીરભાઈનો આભાર માને છે.

શ્રી અલ્પેશ ધારીઆ તરફતી બેસ્ટ ડેબ્યુ પ્લેયરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. અને હવે આ દર વર્ષે તેમના તરફથી આપવામાં આવશે.

| **મંત્રી :** | **સંયોજક :** |
|---|---|
| **શ્રી ભાવેશ મોદી** | **શ્રી ચીરાગ પરીખ** |

શ્રી બાલાસીનોર નવયુવક સંઘ પુરસ્કૃત

## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) ૧૧મી ટેલિફોન ડિરેકટરી

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) ૧૧મી ટેલિફોન ડિરેકટરીનું વિતરણ રૂા. ૫૦/- ભરીને નીચેના જણાવેલ સ્થળ પરથી મળશે.

**૧) લોહાર ચાલ : નિકોશી ટ્રેડીંગ કંપની:** ૧૨/૫૧, ૧લે માળે, કાર્મેલસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, મુંબઈ - ૪૦૦૦૦૨, **સંપર્ક:** શ્રી સમીર ગાંધી : ૦૨૨-૨૨૦૬૦૨૯૪

**૨) શ્રી શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ:** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, નાગદેવી, મુંબઈ - ૪૦૦૦૦૩ **સંપર્ક :** શ્રી સૌમીલ મોદી - ૦૨૨-૨૩૪૦૦૫૦૨, **સમય :** બપોરે ૧૨.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી

**૩) સંસ્થાની ઓફિસ:** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪, **સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે), રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે) દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

## બાલાસિનોર મેડીકલ સેન્ટર

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ

મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ – ૪૦૦ ૦૦૭. Contact : 23670169 Email : vdnm.medicaltrust@gmail.com

### મેડીકલ સેમીનાર

**૧-૧૨-૨૦૧૫**

**બાલાસિનોર વાસીઓ,**

ઉપરની સંસ્થાનો મેડિકલ સેમીનાર તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૧૬ના રવિવારે સવારે ૯.૦૦ કલાકે વાલચંદ હિરાચંદ હોલ, ઈન્ડીયન મર્ચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ ખાતે યોજવામાં આવેલો છે.

ડૉ. ચેતન ભટ્ટ જેઓ નિષ્ણાંત ગેસ્ટ્રો-એન્ટ્રોલોજીસ્ટ છે તેઓએ Chief Speaker તરીકે પોતાની સેવા આપવાનું આપણું આમંત્રણ સ્વીકારેલું છે.

**ડૉ. ચેતન ભટ્ટ નીચેના વિષય ઉપર પોતાના મંતવ્યો સ્લાઈડ દ્વારા આપણને માર્ગદર્શન આપશે.**

**Subject : Way to Healthy Life - Through Stomach**
**Health & Diseases - Role of Life Style**

**સેમિનારના સ્પોન્સર શ્રી જયેશભાઈ રજનીકાંત શાહ (નગરશેઠ) છે. જેઓની ઉમદા ભાવનાથી ઉપર મુજબનો સેમીનાર યોજવામાં આવી રહ્યો છે.**

### પાસ તથા રીફંડ બાબત

સેમિનારમાં વધુમાં વધુ ૨૫૦ મેમ્બરોનો સમાવેશ કરવામાં આવશે અને ‘વહેલો તે પહેલો’ ધોરણે પાસ આપવામાં આવશે. ૧૦૦ પાસ આપણાં મેડીકલ સેન્ટર, ચોપાટીથી તા. ૧૦-૧૨-૨૦૧૫ થી આપવામાં આવશે અને બાકીના ૧૨૫/૧૫૦ પાસ તા. ૨૫-૧૨-૨૦૧૫ થી આપવામાં આવશે.

જે મેમ્બરો સેમિનાર એટેન્ડ કરવાની ઈચ્છા ધરાવતા હશે તેઓએ રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો મેમ્બરદીઠ સંસ્થાને મેડીકલ સેન્ટરની ચોપાટી ઓફિસે મોકલવા અને જે મેમ્બરો સેમિનાર તથા બ્રંચ/લંચમાં ભાગ લેશે તેઓને પૂરેપૂરા રૂા. ૫૦૦ રીફન્ડ કરવામાં આવશે.

**પંકજ ધારિયા (પ્રમુખ) - ૯૮૨૧૦૨૮૭૬૨** **કિરીટ ધારિયા / નિમીશ કડકીઆ (માનદ્‌મંત્રીઓ)**

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત

# પી.વી.વિદ્યાલયના પ્રાર્થના ખંડનું લોકાર્પણ

## મંગળદાસ સાંકરલાલ ધારીઆ પ્રાર્થના ખંડ માટે

## શ્રી પ્રકાશભાઈ તરફથી રૂપિઆ ૨૧ લાખના દાનની જાહેરાત

ઉપર્યુક્ત પ્રાર્થના ખંડનું લોકાર્પણ રવિવાર તા. ૧-૧૧-૨૦૧૫ના દિને પ્રકાશભાઈ ધારીઆના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મુંબઈથી અત્રે આવેલ તેમજ સ્થાનિક પ્રજાજનોની હાજરીમાં એક સમારંભ યોજાઈ ગયો.

પ્રારંભમાં પૂજાવિધિ આર.કે.પંડયાએ કરાવી. પ્રાર્થના પી.વી.વિદ્યાલયની બહેનોએ સંગીતની સુરાવલી સાથે કરી. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ આવકાર પ્રવચન શ્રી મણીકાંત કડકીઆએ ચેરમેન, શાળા સમિતિ કર્યું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ દેસાઈએ હોલ માટેની પૂર્વભુમિકા તથા દાતા શ્રી પ્રકાશભાઈ ધારીઆનો ટૂંક પરિચય આપ્યો. પ્રતિભાવ આપતા પ્રકાશભાઈએ માતા-પિતાના સંસ્કાર અને દાનનો વારસો મળ્યો તે વાત રજૂ કરી. સ્થાનિક મંત્રી શ્રી રમણભાઈ પટેલે આભારવિધિ કર્યા બાદ કાર્યક્રમ સંપન્ન થયો. સમારંભનું સંચાલન શ્રી ગૌરાંગભાઈ પટેલે કર્યું.

નોંધઃ હોલના સુશોભનમાં આચાર્ય શ્રી ખોખર તથા શાળા પરિવારની મહેનત રંગ લાવી.

**મંત્રીઓ - જતીન દેસાઈ, નીતીન દેસાઈ**

---

## શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેસભાઈ / શ્રી મિનિષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)

# આંતરીક રમત ગમત - ૨૦૧૫-૧૬

## ઉપનગર વિભાગ ( વાંદરા થી વિરાર)

આ વર્ષે ઉપનગર વિભાગમાં તા. ૨૪-૧-૧૬ના દિવસે સવારે ૯.૦૦ કલાકે આંતરિક રમત ગમતનું આયોજન શ્રી શ્રેયાંશભાઆઈ અને શ્રી અપૂર્વભાઈના નિવાસ સ્થાને રાખવામાં આવ્યું છે. જેઓને નીચે જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેઓ શ્રી અજીત નટવરલાલ મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬ અથવા પરાના કમિટિ મેમ્બરને નામ અને ફોન નંબર લખાવવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે,

**સ્પર્ધાના નામો**

**૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ**
**૨) કેરમ સીંગલ્સ**
**૩) કેરમ સુપર હિટ મુકાબલા**
**૪) ચેસ.**

બહેનોને ખાસ વિનંતી તેઓ સ્પર્ધામાં ભાગ લે. **કન્વીનરને ગેમ રદ કરવી અથવા રુલ્સ બદલવાનો અધિકાર રહેશે**
નિવાસસ્થાન સરનામું : શ્રી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) : બાલાસિનોર કો.ઓ.હા.સો., બંગલો નંબર ૨૭, એસ.વી.રોડ, ફાયર બ્રીગેડની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭, ફોનઃ ૨૮૬૧૪૧૩૩, ૯૮૨૧૦૯૮૯૦૧

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજકઃ અજીત મોદી-૯૮૬૯૦૨૯૪૮૬**

# ભાવભીનું આમંત્રણ

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

આયોજીત

**શ્રી રસિકલાલ રમણલાલ કડકિયા (આર.આર.)**

## સ્મૃતિ ભકિત સંધ્યા

**કાર્યક્રમ :** શુક્રવાર તા. ૧૫-૦૧-૨૦૧૬

**સમયઃ** ભક્તિ સંગીત સળંગ બે કલાક સાંજે ૫.૩૦ થી ૭.૩૦

**ભકિત સંગીત : શ્રીમતી રેખા ત્રિવેદી અને સાથીઓ**

**સ્થળઃ** પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન

સ્વામી શ્રી પ્રેમપુરીજી રોડ, બાબુલનાથ રોડ, મુંબઈ - ૭

**નિમંત્રકઃ પુષ્પાબેન રસિકલાલ કડકિઆ પરિવાર**

---

**ભાવભીનું આમંત્રણ**

**શ્રીમતી સુભદ્રાબેન નવીનભાઈ શાહ**

## સ્મૃતિ ભકિત સંધ્યા

કાર્યક્રમ

**વારઃ બુધવાર, તા.: ૦૬-૦૧-૨૦૧૬**

**સમયઃ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે સળંગ પ્રવચન**

**વકતા : શ્રી નરેશ વેદ**

**વિષયઃ ગીતામાં ભકિતયોગ**

**સ્થળઃ પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન**

**સ્વામી શ્રી પ્રેમપુરીજી રોડ, બાબુલનાથ રોડ, મુંબઈ - ૭**

**નિમંત્રકઃ નવીનભાઈ શાહ પરિવાર**

વધાઈ વધાઈ વધાઈ

# પ્રભુચરણ શ્રીગુસાંઈજીનો પંચશતાબ્દી પૂર્ણાહુતિ પ્રાગટય મહોત્સવ

**માગસર વદ ૯, રવિવાર તા. ૩-૧-૨૦૧૬**

અમોને જણાવતા આનંદ થાય છે કે પૂ.પા.ગો.૧૦૮ શ્રી નિકુંજલતા બેટીજી મહોદયાની અધ્યક્ષતામાં ઉપરોક્ત ઉત્સવ ધામધૂમથી મનાવવામાં આવશે. ઉત્સવની શરૂઆત માગ વદ - ૪ મંગળવાર તા. ૨૯-૧૨-૨૦૧૫ થી થશે. જેમાં પરમ વિદ્વાન શ્રી જૈમિન શાસ્ત્રીજી ‘બસો બાવન વૈષ્ણવ વાર્તા’ કથા કરશે. તથા પૂ.પા.ગો.શ્રી નિકુંજલતાબેટીજીનાં વચનામૃત નિત્ય થશે. સર્વ વૈષ્ણવોને પધારવા નિમંત્રણ છે. ઉત્સવને દિવસે તો અવશ્ય બધાજ આવશો.

**કથા પ્રારંભ :** તા. ૨૯-૧૨-૨૦૧૫ સમાપ્તિ ઉત્સવનો મુખ્ય દિવસ માગ વદ - ૯ના ૩-૧-૨૦૧૬

**સ્થળઃ** સ્વામી શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, બાબુલનાથ રોડ, મુંબઈ - ૭, **સમયઃ** બપોરે ૩.૩૦ કલાકે

**નિવેદક**

## શ્રી ગુંસાઈજી ચેરીટેબલ ટ્રસ્ટ

**બૃહદ મુંબઈ વૈષ્ણવ મહિલા સમાજ, શ્રી કૃષ્ણપ્રિયા સત્સંગ મંડળ**

**વિશેષ**

તા. ૫-૧-૨૦૧૬ થી તા. ૮-૧-૨૦૧૬ પર્યંત ઉપરોક્ત ઉત્સવ વિલેપાર્લામાં (વેસ્ટ) રાખવામાં આવેલ છે. જેમાં સન્યાસ આશ્રમનાં હોલમાં ‘વલ્લભાખ્યાન’ પ્રવચન રાખવામાં આવેલ છે. વક્તા જૈમિનશાસ્ત્રીજી તથા તા. ૯-૧-૨૦૧૬ને માગસર વદ ૧૪ના રોજ ઉત્સવની પંચશતાબ્દી પૂર્ણાહુતિ તથા પૂ. શ્રી નીકુંજલતાબેટીજીનો ૭૫ વર્ષ સમાપ્તી જન્મદિવસની સભા તથા કિર્તન સંમેલન ગોકળીબાઈ સ્કૂલમાં રાખવામાં આવેલ છે.

## કે.એમ.જી.જનરલ હૉસ્પિટલ, બાલાસિનોર

## બાલાસિનોર કે.એમ.જી.જનરલ હૉસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલા.

૧) શ્રીમતી મંજુલાબેન અને જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) કાન, નાક અને ગળાના રોગોનો નિદાન કેમ્પઃ તા. ૨૮-૧૦-૧૫ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૦ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા તમામ દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ઈ.એન.ટી. સર્જન ડૉ. નિમેષ પંચાલે સેવાઓ આપેલ.

૨) શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) ગ્રીન ફાઉન્ડેશન સીકન્દ્રાબાદ બ્લડ ડોનેશન કેમ્પઃ તા. ૩૧-૧૦-૧૫ના રોજ લાયન્સ હોલમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૨ બ્લડની બોટલ એકત્ર કરવામાં આવેલ.

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી તરૂબેન અને શ્રી પ્રફુલ્લ ઓચ્છવલાલ શેઠ હ. કામિલ પ્રપુલ શેઠ (સુપર સ્પેશીયાલીટી સેન્ટરની એક વિંગના નામકરણ માટે) | રૂા. ૨૫,૦૦,૦૦૦/- |
| ૨) | શ્રીમતી અમિતા અને ધીરેન મુળજીભાઈ ગાંધી (યુ.એસ.એ.) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩) | શ્રીમતી તારાબેન નટવરલાલ દેસાઈ હ. સતિષભાઈ નટવરલાલ દેસાઈ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪) | શ્રીમતી માલતીબેન અને કિરીટકુમાર કાંતિલાલ શાહ હ. સચિન શાહ (યુ.એસ.એ.) | રૂા. ૧,૦૦,૦૦૦/- |

(ગત અંકમાં રૂા. ૬૫,૦૦૦/- છાપેલા જે રૂા. ૧ લાખ વાંચવા)

૫) ડૉ. મૃગેશભાઈ રજનીકાંત પટેલ, મું. ટીબાનામુવાડા રૂા. ૫,૦૦૦/-

૬. શ્રી જગદીશભાઈ ડાહ્યાભાઈ પટેલ, મું.વનોડા રૂા. ૨,૫૦૦/-

**સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે**

**તા. ૧-૪-૧૫ થી ૩૧-૧૦-૧૫ દરમ્યાન હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં થયેલ પ્રવૃતિનો અહેવાલ**

**(આંકડાકીય માહિતી)**

૧) કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા (ડીલીવરી) વિભાગ : ૫૨૨

૨) શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) ગાયનેક વિભાગ : ૯૧૭૮

૩) લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ : ૮૧૨૯

૪) બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગઃ ૩૩૩૨

૫) શ્રી રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ : ૧૭૧૦

૬) શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોક્સી) સર્જીકલ વિભાગ : ૪૩૪૦

**આવકવેરા ધારાની ૧૦૦ ટકા માફીની કલમ ૩૫ એ.સી. હેઠળની પરવાનગી મળી ગયેલ છે. અત્યાર સુધીના ટ્રસ્ટમાં દાન નોંધાવનાર દાતાશ્રીઓને આ કલમનો લાભ લેવા વિનંતી.**

**માનદ્‌મંત્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતિન પરીખ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ) તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૫ રવિવારના રોજ પાટકર હોલ, મરીન લાઈન્સ ખાતે આયોજિત કરવામાં આવી હતી.

જેમાં પાછલા ચાર વર્ષની પરંપરાને આગળ ધપાવતા આ વર્ષે પણ 'વાડસોલ કર્મવીર' સન્માન પદક આપવામાં આવ્યું હતું. મંડળને અવિરત ૫૧ વર્ષ સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શન ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે 'વાડસોલ કર્મવીર' આપી સન્માન પદક આપવામાં આવે છે.

જે અન્વયે આપણાં સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા - પી.પી.) ની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માન થી પ્રમુખશ્રી અસિત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા)ના હસ્તે ગૌરવાન્વિત કરવામા આવ્યા. શ્રી નિખીલ પરીખે મુરબ્બી પી.પી.કાકાનો કાર્યકાળ અને તેમની સિદ્ધિઓને પ્રકાશમાં આણી.

'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા પીપી)એ પણ પ્રસંગોચિત અભિભાવના વ્યક્ત કરી સમાજ પ્રત્યે આભારની લાગણી દર્શાવી. ઉપસ્થિત સમાજે ઉભા થઈ તાળીઓના ગડગડાટ સાથે. વાડસોલ કર્મવીર શ્રી પી.પી. કાકાનું ગુણગૌરવ કર્યું. આ પ્રસંગે 'વાડસોલ કર્મવીર' શ્રી પી.પી. કાકાએ મંડળને રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ)નાં દાનવચનની જાહેરાત કરી. આ રકમ તેમના દ્વારા પુરસ્કૃત 'ગિરિપુજા' કોકિલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કાડકીઆ (વલ્લભઘેલા) ઓવરસીસ એજ્યુકેશન સ્કીમની રૂા. ૧૫,૦૦,૦૦૦/- (રૂા. પંદર લાખ) ની રકમ સાથે જોડી, વપરાશમાં લેવાશે.

**માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ,**
**જસ્મીન બિપીન શેઠ**

## સમુહ ભોજન અંધેરી

અંધેરી વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન રાખ્યો છે.

**તારીખ** : ૧૦-૧-૧૬
**સમય** : સવારે ૧૧થી ૨.૩૦ સુધી
**સ્થળ** : અમર ફાસ્ટ ફુડ અને રેસ્ટોરન્ટ
લારામ સેન્ટર, એસ.વી.રોડ
સુનીલ જવેલર્સની પછી, અંધેરી (વેસ્ટ)

**આપ સૌને જમવા પધારવા માટે આમંત્રણ છે.**
**પંકજ એસ. પરીખ - ૯૮૨૦૧૭૨૦૯૧**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## દિવાળી સ્નેહ સંમેલન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ ૧૯-૧૧-૧૫ ગુરુવારે બપોરે ત્રણ કલાકે હાલાઈ લોહાણા મહાજનવાડી ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયા તરફથી રૂપિયા ૧૧૫૦૦૦નું માતબર દાન મળ્યું હતું. ૪૫૦ જેટલી હાજર બહેનોને ડીજેના તાલની સાથે મ્યુઝીકલ હાઉઝી રમાડવામાં આવી હતી. આ કાર્યક્રમનો કલર કોડ રેડ રાખવામાં આવ્યો હતો. બેસ્ટ ડ્રેસ તથા હાઉઝીમાં અંદાજે ૫૦ થી ૫૫ ઈનામો આપવામાં આવ્યા હતા. High Tea with Snacks ની સાથે ગીફ્ટ લઈને સર્વે છુટા પડયા હતા.

આગામી કાર્યક્રમની જાહેરાત તા. ૧૬-૧-૧૬ શનિવારે સાંજે પાંચ વાગ્યાથી માધવબાગના ગ્રાઉન્ડમાં બાલાસિનોર બજારનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧-૧-૧૬ સુધી રૂપિયા ૧૦૦૦ ભરી ફુડ, ગેમ્સ અથવા વસ્તુ વેચાણના સ્ટોલ અમી ધારીઆ પાસે નોંધાવી શકાશે. બેસ્ટ સ્ટોલ ડેકોરેશન તથા અન્ય આકર્ષણ સાથેના આ કાર્યક્રમમાં સર્વે બાસાલિનોર વાસીઓને મોટી સંખ્યામાં હાજરી આવકાર્ય છે.

**બહારના ફુડ સ્ટોલ રાખી શકાશે નહીંતેની ખાસ નોંધ લેવી.**

# પ્રકીર્ણ વિભાગ

૧) **સુથાર ઠાકોરભાઈ આશાભાઈ**
શ્યામ દર્શન, કો.ઓપ.સો.
બિલ્ડીંગ નં. ૫, એ વિંગ,
ફ્લ્ટે નં. ૧૨૦૬, ૧૨ મા માળે,
ધનજીવાડી, રાણીસતી રોડ,
મલાડ ઈસ્ટ, મુંબઈ - ૯૭

**ઠાકોરભાઈ : ૯૭૬૮૫૬૮૯૬૬,**
**ઘર : ૯૯૮૭૩૨૦૯૬૬,**
**હાર્દિક : ૯૮૬૭૨૮૮૦૫૧**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કીરીટભાઈ રમણલાલ કડકીઆ (ખીસાદાર) | ૭૩ |
| રમેશચંદ્ર ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા) | ૭૭ |
| સંજય કિર્તનલાલ શાહ | ૫૬ |
| મંજુલાબેન મોજીલાલ ધારિયા (બલબલ) | ૮૬ |
| ઉષાબેન જીતેન્દ્ર ધારિયા (દાઉદીયા) | ૬૮ |
| સાવીત્રીબેન બાબુલાલ ધારિયા (દાઉદીયા) | ૯૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સમુહ ભોજન

મલાડ વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન રાખ્યો છે.

**તારીખ :** ૧૦-૧-૧૬
**સમય :** સાંજે ૬.૩૦ કલાકે
**સ્થળ :** નડીયાદવાલા માર્કેટ હોલ,
લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે,
પોદાર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૯૭

**આપ સૌને જમવા પધારવા માટે આમંત્રણ છે.**

**દિલીપ એન. ધારીઆ**